Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-2, September-2023
www.researchguru.net

# નૈષધીયચરિત મહાકાવ્યમાં પ્રકૃતિનું વર્ણન

ખુંટી ગીતાબેન લખમણભાઈ
પીએચ.ડી. વિદ્યાર્થી, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

પ્રસ્તાવના

મહાભારતના આરણ્યક ૫૦ થી ૭૮ અધ્યાયમાં નલોપાખ્યાન આવે છે. તેના આધારે સર્જાયેલા મહાકાવ્યમાં નળ દમયંતિના વિવાહ સુધીની કથા જોવા મળે છે. હ્રાસોન્મુખ યુગના અંતિમ ઝબકારા જેવું નૈષધીય ચરિત ૨૨ સર્ગેનું મહાકાવ્ય છે. ૨૮૨૭ સ્લોક જેટલા મોટા કદવાળા આ મહાકાવ્યનું કથાનક મહાભારત પર આધારિત છે. આ કાવ્ય ૬૦ કે ૧૦૮ સર્ગેનું હોવાની માન્યતા છે. નહીતર આ કાવ્ય અપુર્ણે ગણાય. પ્રકૃતિ પુરુષ ગણાતા આ કાવ્યમાં કાલિદાસ અને ભારવી અને માઘની પ્રતિભાના દર્શન થાય છે. આ મહાકાવ્ય રચાતા કાલિદાસ અને ભારવી માઘના કાવ્યો ભુલાયા નથી તેથી કહેવાયું છે કે,

उदिते तुं सहस्राशौ न खद्योतो न चन्द्रमाः ।

પ્રકૃતિના વર્ણનમાં શ્રીહર્ષનો વિશેષ પ્રેમ જણાય છે. સંયોગ તથા વિયોગની ઉદ્દીપન પ્રકૃતિ છે. પ્રથમ સર્ગેનું ઉપવન વર્ણૅન નળને તથા ચોથા સર્ગેનુ પ્રકૃતિવર્ણન દમયંતીને સંતાપ આપે છે. પાકું બીલ્વનું ફળ નળને वारनारीसचितोपम (૧/૯૪) દેખાય છે. દાડમડીને વીયોગીના રૂપમાં જુએ છે. રસાલ વૃક્ષ પલ્લવરુપી આંગળીઓથી તરજના કરી. ભ્રમરોના હું કારથી નળને ધમકાવતો દ્રષ્ટિગોચર થાય છે. શ્રીહર્ષેના વર્ણનમાં તાદશતા વાસ્તવિકતા તથા પરિપૂર્ણતા જણાય છે.

કવિએ પુસ્તકમાં પર્યાવરણ પ્રત્યે જે સંવાદિતા દર્શાવી છે તે પરથી જણાય છે, કે તેઓ એક મહાન પ્રકૃતિવાદી કવી હતા. તેમના લગભગ તમામ પુસ્તકોમાં તેમણે પ્રકૃતિ પ્રત્યેની તેમની ભક્તિ દર્શાવી છે, કદાચ તે દર્શાવે છે કે વિશ્વમાં પ્રકૃતિ પ્રેમથી મોટો આનંદ ક્યાંય નથી, જે સપાટીના બિંદુ પરથી જોવામાં આવે તેવાસ્તવિક પણ છે. વાસ્તિવિક પ્રકૃતિને જોવામાં આવે છ ત્યારે એવું લાગે છે કે પ્રકૃતિની ગોદમાં જે શાંતિ અને સુખ મળે છે. તે બીજે ક્યાંય જોવા મળતું નથી. પ્રકૃતિથી વિમુખ થતા જે આડઅસર થાય તે સૌની સામે હાજર છે, તેથી એમ કહેવું વધુ તાર્કિક લાગશે. સંસ્કૃત સાહિત્યમાં શ્રીહર્ષ, માઘ, કાલિદાસ વગેરે જેવા કવિઓનો ઉદ્દેશ્ય માત્ર વિષયોનું વર્ણન કરવાનો જ નહોતો, પણ તેમને તત્કાલીન સામાજિક, રાજકીય, આર્થિક અને ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ કરવાનો પણ હતો અને આ બધામાં શ્રીહર્ષે માટે ભૌગોલિક પરિસ્થિતિ ખૂબ જ રસપ્રદ રહી હશે, જેના કારણે તેમને પ્રકૃતિ પ્રત્યે ખૂબ જ લગાવ હશે. તે તેમના ભૌગોલિક વર્ણૅન પરથી જોઈ શકાય છે.

પ્રથમ સર્ગેના આરંભમાં રાજા નળ પોતાના ઉધ્યાનમાં ક્રીડા સરોવર પાસે સુવર્ણા હંસને જુએ છે.

अजस्रमभ्यासमुपेयुषा समं मुदैव देवः कविना बुधेन च ।
दधौ पटीयान् समयं नयन्नयं दिनेश्वरश्रीरुदयं दिने दिने ॥ १७ ॥

સૂર્યની શોભા ધારણ કરતો તે બુદ્ધિમાન રાજા આનંદપૂર્વક સમીપ ઉપસ્થિત થતા કવિઓ અને જ્ઞાનીઓ સાથે સમય પસાર કરતો દિવસે દિવસે (આનંદપૂર્વક બુધ અને શુક્રથી અનુસરાતા અને સમયને માન આપી પ્રકાશતા) સૂર્યની જેમ ઉદય પામતો હતો.

આ શ્લોકમાં જ્યોતિષશાસ્ત્ર મુજબ એમ માનવામાં આવે છે કે શુક્ર તેમજ બુધ નામના ગ્રહો સૂર્યથી અત્યંત પાસે છે. તેથી એવો ગ્રહવાળો સુર્યે ખૂબ જ તેજ્સવી બને છે. આજ પ્રમાણે રાજા નળ પણ કવિઓ તેમજ પંડિતોની ગોષ્ઠીમાં વાર્તાલાપમાં પોતાનો સમય વિતાવીને જાણે એક તેજસ્વી બને છે એવી સરખામણી કરેં છે

પ્રથમ સસર્ગેના ૨૦માં શ્લોકમાં નળના ઉત્તમ કોટીના સૌંદર્યનું પ્રતિપાદન કરવામાં આવેલ છે. નળના શરીર સૌંદર્યને વર્ણેવવા કવીએ અને શ્લોકો રચ્યા છે. તેમાં કવિ એ પ્રકૃતિના તત્વો સાથે સરખામણી કરી છે. અને નળના સૌંદર્ય સામે પ્રકૃતિના તત્વો પણ જાણે ટૂકા પડે છે.

अधारि पद्मेषु तदङ्घ्रिणा
घृणा क्व तच्छयच्छायलवोऽपि पल्लव
तदास्यदास्येऽपि गतोऽधिकारितां न शारदः
पार्विकशर्वरीश्वरः।।20।।

તેમાં નળના ચરણોની કમળ પ્રત્યે ધૃણા દેખાડી તેના હાથની ક્રાંતિનો અંત પણ પલ્લવોમાં ક્યાંથી હોય શરદ ઋતુની પૂનમનો ચંદ્ર મુખના હાસ્ય માટે પણ લાયક ન બન્યો એવું વર્ણન કરી એવું સાબિત કરવા માગે છે કે રાજવી એના હાથ મુખ વગેરેની તુલના કમળ કુંપળ તેમજ પૂનમના ચંદ્ર સાથે સંભવિત નથી કારણ કે તે બધા અનુપમ અદ્વિતીય હતા. બીજા શબ્દોમાં કહીયે તો તેમ પણ જણાવી શકાય કે કમળથી પણ નળના ચરણ ઉત્તમ હતા. હાથની સુંદરતા કોમળતા નવપલ્લવથી વિશેષ હતી, તથા મુખની સુંદરતા પૂનમના ચંદ્રથી પણ વિશેષ પ્રમાણમાં આકર્ષક હતું. આ સંદર્ભમાં ક્યારે ઘટાડો થતો જ નથી એવું ઉત્તમ કોટીનું સૌંદર્યનું વર્ણન કરવા કરીએ પ્રકૃતિના તત્વો સાથે સરખામણી અથવા તો ઉપમા આપેલી છે.

ત્યાર પછી જ્યારે નળ વિરહના અગ્નિથી બળતા હોય છે ત્યારે વનમાં પ્રવેશ કરે છે. ત્યારે કવિ એ સુંદર પ્રકૃતિ વર્ણેન કરેલ છે. નળ વનમાંથી પસાર થતો હતો ત્યારે વૃક્ષોના મૂળની આજુબાજુના ક્યારાઓમાં જળ એકઠુ થયેલુ હતું તેથી તે માનવામાં આવ્યું કે પોતાના ચિન્હ સ્વરૂપ મત્સ્ય કયારાના જળમાં ન પ્રવેશે તે એટલા માટે પોતાના હાથમાં જ પકડી રાખેલ છે.

કાલિદાસની જેમ હર્ષની પ્રકૃતિ પણ માનવીય મનોભાવથી સંયુક્ત છે કેમ કે કાલિદાસની જેમ હર્ષે પણ પ્રકૃતિમાં સજીવારોપણમાં એક સફળ કવિ થાય છે. તેમ આપણે અચુક કહી શકીએ છીએ. નળના પ્રકૃતિએ કરેલા સ્વાગત માટે જે ઉધ્યાન વર્ણન મુખ્ય છે. જ્યારનો રાજા દમયંતીના સૌંદર્ય અને ગુણો વિશે સાંભળીને તેના પ્રત્યે આકર્ષણ અનુભવે છે અને દમયંતી પ્રાપ્તિની ઝંખના જે પ્રબળ બને છે ત્યારે તેની વીરહ પીડા અનુભવે છે. તેને શાંત કરવા માટે તે નગર બહાર આવેલા કરી ઉધ્યાન વિલાસમાં જાય છે અને હવે શ્રીહર્ષે ઉધ્યાન પાલે દર્શાવેલા ઉપવનનું સૌંદર્ય તે નિહાળવા લાગે છે અને પ્રથમ સ્વર્ગના ૭૭/૧૦૬ એમ કુલ 30 શ્લોકમાં ઉપવન શોભા અને તેની નળ પર

થયેલી અસરને અક્ષરસહ વર્ણવી છે. તેમાં પ્રકૃતિનું સૌંદર્ય ખુબજ સુંદર વર્ણવેલ છે તે જોઈએ તો શ્લોક ૭૭માં નલના ઉપવન પ્રવેશનું વર્ણન કરે છે. જેમાં પક્ષીઓના ઉડવાને કારણે ઉત્પન થયેલા પવનથી ચાલતા પલવો રૂપી હાથમાં ફળો અને ફૂલો લઈને ઉભેલા વૃક્ષો એ જાણે કે બોધ મહર્ષિઓની જેમ તે નળનો સત્કાર કર્યો આટલી ભૂમિકા બાંધ્યા પછી કવિ નજરે જુએલા વૃક્ષો અને લતાઓ અને તેના પોતાના મનોભાવો પ્રત્યાઘાતોનું જે ક્રમશ વર્ણન કરે છે. તેમાં પ્રકૃતિના તત્ત્વોને વણી લેવાયેલાં છે. રાજા કેતકીના પુષ્પોને જોયા છે તે શ્લોકમાં દર્શાવેલ છે.

विनिद्रपत्रालिगतालिकैतवान्मृगाकचूडामणिवर्ज नार्जितम् ।
दधानमाशासु चरिष्णु दुर्यशः स कौतुकी तत्र ददर्श कैतकम् ॥ ७८ ॥
वियोगभाजां हृदि कण्टकैः कटुर्निधीयसे कर्णिशरःस्मरेण यत् ।
ततो दुराकृर्षतया तदन्तकृद्विगीयसे मन्मथदेहदाहिना ॥ ७९ ॥

કુતૂહલયુક્ત તેણે (નળે) ખીલેલાં ફૂલોની પાંદડીઓના સમૂહ પર બેઠેલા તેમાં તેણે કેતકીપુષ્પની નિંદા કરી શકી તેનું વર્ણન જોઈએ તો પુષ્પ સૌ પ્રથમ તો કુતુહલવશ તેણે વિકસિત પાંખડીના સમૂહ પર બેઠેલા ભમરાઓને શંકરે ત્યજવાથી પ્રાપ્ત થયેલા અપયશને ધારણા કરતાં કેતકીપુષ્પને જોયું તેને જોઈ નળ વિચારે છે કે કાટાને કારણે ક્લેશકર એવા કેતકીપુષ્પને અસ્ત્ર બનાવી કામદેવ પ્રેમીઓના હૃદયમાં ખૂબ આવે છે. તેરી અને રૂપી સોયથી કામદેવ કામી સ્ત્રી પુરુષોના કિર્તીરૂપ વસ્ત્રો છે. તેના કરવત સમાન પાંદડાથી વિયોગીઓના હૃદય રૂપી લાકડાને વહેચા પીળા હાથવાળો કામદેવ કેતકીની પરાગરૂપી ધૂળથી હાથને કોરા બનાવીને જયંતિમાં આ સતત એવા તેના જિતને બાંધી પુષ્પની ખુબજ નિંદા કરી છે.

જયારે ઉપવનમાં જે લતા છે તેનું વર્ણન કરતાં કહે છે કે વાયુ વડે ચુંબન કરાયેલી હોવાથી રોમાંચિત વિકસિત કડીઓયુક્ત અને કંપતી ઉપવન લતાની રાજાએ એક પર સ્ત્રી તરીકે ભય થી નિહાળી નાગ કેશર નાગ કેશરનું પુષ્પ તેને કામદેવના બાણ ઘસવાનો શાણ સરાણ હોય તેવું લાગ્યું

અશોકનું વૃક્ષ તેણે કામદેવના અસ્ત્ર સમાન રાતા પાંદડાવાડા ચરણ આગળ પ્રત્યે દયાળુ પોતાની સ્ત્રીઓનો વિચાર કરતાં મુસાફરોનું રક્ષણ કરતા અશોક એવું સાર્થક નામ ધરાવતા આશોપાલવને જોયું.

લતાઓની ક્રીડાઓ ઝાકળથી શ્વેત એવાં પાંદડાંરૂપ વસ્ત્રોને પરાણે ખેંચી લતાને તેઓમાં પુષ્પ સબંધી સંવનન ક્રિડાઓ કરતા વાયુને જોઈને નળે પોતાની આંખો બંધ કરી.

करेण मीनं निजकेतनं दधद्
दुमालवालाम्बुनिवेशशङ्कया ।
व्यतर्कि सर्वर्तुघने वने मधुं स
मित्रमंत्रानुसरन्निव स्मरः ॥ १०५ ॥

સર્વ ઋતુઓમાં પ્રફુલ્લ (રહેતા)ને વનમાં ફરતા તેનો લોકોએ, વૃક્ષોના ક્યારાના પાણીમાં પેસી જશે એવા ડરથી પોતાની ધજાના મત્સ્યને હાથમાં ધારણ કરે છે.

(સાર્વભૌમતાના સૂચક મીનના ચિહ્નને હાથમાં ધારણ કરતો) અને પોતાના મિત્ર મધુ ને શોધતા કામદેવ જેવો માન્યો.

અહિ નળના સંબંધમાં તેવી કલ્પના કરવામાં આવેલી છે કે નળ જ્યારે વનમાંથી પસાર થતો હતો. ત્યારે વૃક્ષોના

મૂળની આજુબાજુના ક્યારાઓમાં જળ એકઠું થઈ ગયું હતું તેથી તે માનવામાં આવ્યું કે પોતાના ચિન્હ સ્વરૂપમાં કિયારાના જળમાં ન પ્રવેશે એટલા માટે પોતાના હાથમાં જ પકડી રાખેલ છે.

लताबलालास्यकलागुरुस्तरुप्रसूनगन्धोत्करपश्यतो हरः ।
असेवतामुं मधुगन्धवारिणी प्रणीतलीलाप्लवनो वनानिलः ॥ १०६ ॥

લતાઓ રૂપી લલનાઓના લાસ્ય (નૃત્ય)ના ગુરૂ, વૃક્ષોનાં ફૂલોની ગંધનુંનું હરણ કરનાર નજર (પુષ્પોના) મધુની ગંધ પાણીમાં વિલાસપૂર્ણ ડુબકી મારનાર વનના પવને તે (નળ)ની સેવા કરી

શ્લોકમાં એવું સમજવામાં આવે છે કે તે ગુણશાળી સેવક સ્વામીને વધારે પ્રિય હોય છે. કેમ કે આવું જ વિચારીને વનમા સુગંધવાળો તેમજ ઠંડો પવન નળની સેવા કરતો તો એવું પ્રકૃતિનું સુંદર વર્ણન કરેલ છે.

પ્રકૃતિના અન્ય તત્વોનું ખૂબ જ આબેહુબ વર્ણન કરેલ છે. જેમ કે પુષ્પો અને વૃક્ષોના વર્ણન સાથે કવિ પ્રકૃતિના અન્ય તત્વો કોયલ શુક્ર પવન તડકો વગેરેને પણ વર્ણવે છે. નર રાજા વીરહી હોવા છતાં પણ તેનું મુખ સાક્ષાત ચંદ્રમા છે. એમ જોઈને ક્રોધથી લાલ કોયલ એવો અવાજ કરીને ફરીથી ચંદ્રની વિરોધ જાણે કે બોલાવો પવનથી ઠંડો કેટકીપરાથી શ્વેત બનેલ અને ચાંદની જેવો દિવસનો તડકો પણ વિરહી નળને આનંદ ના આપી શક્યોના તરંગોના વાદનથી કોયલઓએ અને મયુરો નૃત્યથી તેની સેવા કરી લોકોએ ભણાવીને છોડેલા શુક્ર એની સ્તુતિ કરીને પરાક્રમનું ગાન કર્યું શુભ ગીત પવન પણ નળની સેવા કરી શકતા દમયંતિના વિરહમાં પીડાતો આંતરિક આનંદ ન પામી શક્યો ઉલટું તેની કામ પીડા અથવા વધવા લાગી છે.

શ્રીહર્ષ નૈષધીયચરિત મહાકાવ્યના આરંભે નળ વર્ણન કર્યું છે. પ્રસંગ પ્રાપ્ત નલના ઉધાનનગમન પછી તે એક સુંદર ક્રીડા સરોવરને હવે કવિ વર્ણવે છે પ્રથમ સર્ગના ૧૦૭ થી ૧૧૬ સુધીના શ્લોકોમાં કીડા સરોવરનું વર્ણન પ્રાપ્ત થાય તે જોઈએ તો ક્રીડાસરોવરમાં પુષ્પના પરથીપૂર્ણ અને પુષ્પો નામક રનથી સુરભિત જડ યુદ્ધ બહાર નીકળેલા મૃણાલ સમૂહોના બહાને જાણે ડૂબેલ એરાવતના દંત સોહને રણ કરતું તટ પર ઉભેલા અશ્વોના પ્રતિબિંબો જડમાં પડવાથી અનેક ઉસે સ્વા હો શ્વેત કમળો તથા

रथाङ्गभाजा कमलानुषङ्गिणा
शिलीमुखस्तोमसखेन शाङ्गिणा ।
सरोजिनीस्तम्बकदम्बकैतवान्मृणालशेषाहिभुवाऽ न्वयायि यः ॥ १११

તેની પર બેઠેલા ભમરોને કારણે જાણે કે કલંક યુદ્ધ અને ચંદ્રોયુક્ત લાગતું હતું અને તે સરોવર ચક્રવાતયુક્ત કમાન્ડર સહિત ભ્રમર સમુવાડા અને મૃણાલરૂપ જે સર્વશ્રી જેવી દાંડીથી ભરપૂર એવા કમલીના સમને બહાને સુદર્શન ચક્રયુક્ત લક્ષ્મી સાથે રહેતા ભ્રમર સમાન અને મૃણાલ તુલ્ય સુબ્ર વણ ધરાવતા શેષનાગ પર સુતેલા વિષણયુક્ત હતુ તે પોતાનામાં સમાવિષ્ટ પ્રિય નદીઓને મૂંઝવની પંક્તિ સ્વરૂપે રક્ત કળીઓથી બરવાળાના અંકુર સમૂહરૂપે ધારણ કરતું હતું

प्रकाममादित्यमवाप्य कण्टकैः
करम्बिताऽमोदभरं विवृण्वती ।
धृतस्फुटश्रीगृहविग्रहा दिवा सरोजिनी
यत्प्रभावाप्सरायिता ॥ ११५ ॥

જે સરોવરમાં ઉત્પન્ન થયેલી, દિવસે સૂર્યને પ્રાપ્ત કરીને છપાયેલ અધ્યય સંબંધને છપાયેલ, અત્યંત સુગંધ ને

પ્રસારવતી, ઉજવળ શોભાયુક્ત શરીર વાળી કમલ લતા વિશેષ કાયમી અદિતિના પુત્ર આદિત્ય અને અર્થાત ઇન્દ્રને પ્રાપ્ત કરીને રોમાંચથી પૂર્ણ અતિશય હર્ષ દર્શાવતી અત્યંત ઉજવળ શોભાવાળું શરીર ધારણ કરતી સ્વર્ગની અપ્સરા જેવું આચરણ કરતી હતી.

અહીં એ વાત જાણવા મળે છે કે સૂર્યાદયથી કમળતાઓ હસી ઉઠી જેમ અપ્સરાઓના માલિક ઈન્દ્રને પ્રાપ્ત કરીને સુંદર શરીરવાળી અપસરાઓ આનંદથી રોમાંચિત થાય.

यदम्बूपूरप्रतिविम्बितापतिमरुत्तरङ्गैस्तरलस्तटद्रुमः ।
निमज्य मैनाकमहोभृतः
सतस्ततान पक्षान् धृवतः सपक्षताम् ॥ ११६ ॥

જે સરોવરના પાણીના સમૂહમાં જેનો વિસ્તાર પ્રતિ નિમિત થયો છે તેવા, કિનારા પરના પવનથી હાલતા, તરંગોથી ચંચળ વૃક્ષોએ પાણીમાં ડૂબીને પાંખો હલાવતા મૈનાક પર્વતથી સમાનતા દર્શાવી.

અહીં એક પૌરાણિક ગાથા મળી આવે છે કે પ્રાચીન સમયમાં પર્વતો ગમે તેમ પોતાની ઈચ્છા પ્રમાણે આકાશમાં ઉડતા હતા. તેથી ઈન્દ્ર તે બધાની પાંખો કાપવા માંડી ત્યાર રે નાસી ગયેલા હિમાલયના પુત્ર મૈનાકે સાગરમાં આશરો લીધો જાણે વિલાસ વનના સરોવરમાં પ્રતિબિંબિત થયેલા તેમજ વાયુથી ચંચળ બનેલા કિનારા ઉપરના વૃક્ષો મેના પર્વત સમાન જાણતા હતા.

મહાકાવ્યમાં ખૂબ લાંબા વર્ણનો, સુંદર ચિંતન, ઉત્કૃષ્ટ કલ્પનાનો ભંડાર છે. શ્રી હર્ષ મહાકાવ્યના નામે એક નવોચીલો ચાલુ પાડ્યો કર્યો છે. તેઓ પોતે પ્રખર નૈયાયિક અને દાર્શનિક હોવાથી એમના વિચારો મહાકાવ્યમાં જોવા મળે છે. આ મહાકાવ્યોમાં ભરીભરીને વર્ણનો કલ્પનાઓ અને અલંકારો છે.

નલોપાખ્યાન ઉપરાંત નૈષધીચરિત મહાકાવ્ય શ્રેષ્ઠ પ્રકૃતિ મહાકાવ્ય ગણાય છે.ભારતમાં અન્ય દેશોની જેમ જ સાહિત્ય એ પર્યાવરણ અને તેની સમસ્યાઓ વિશે અભિવ્યક્તિનું એક સાધન બની રહ્યું છે. પર્યાવરણના સંદર્ભો અને મુદ્દાઓ યુગોથી ભારતીય સાહિત્યમાં વર્ણવવામાં આવ્યા છે. ભારત જેવી પ્રાચીન સંસ્કૃતિઓ આપણને એ બાબતની જાણ કરે છે કે કઈ રીતે વિવિધ સમાજો અને સમુદાયો પ્રકૃતિ સાથે સુમેળ અને સંતુલનમાં રહેતા આવ્યા છે. હવા, પાણી, અગ્નિ, આકાશ અને પૃથ્વી જેવાં મૂળ તત્ત્વો પ્રત્યે આદર અને ઉપાસનાની ભાવના ભારતની સાહિત્યિક અને સાંસ્કૃતિક નીપજોમાં ઘણી વ્યાપક જોવા મળે છે. આ પંચમહાભૂત તત્ત્વો આંતરિક રીતે એકબીજા સાથે જોડાયેલાં છે અને પરસ્પર હંમેશા અવલંબિત રહે છે. પ્રાચીન સંસ્કૃત કે તમિલ સાહિત્યમાં પ્રકૃતિ અને પર્યાવરણીય સંતુલનને વિશિષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. ઘણી બધી સાંપ્રત નવલકથાઓમાં પણ શહેરીકરણ અને ઔદ્યોગિકીરણને કારણે ઊભા થયેલા પડકારો અને માનવીય અસમર્થતાના મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવ્યું

આ રીતે શ્રીહર્ષ પોતાના પૂર્વસૂરિઓમાંથી પ્રેરણા લેવાની સંસ્કૃત કવિઓની વૃત્તિ એવી જ રીતે કાલિદાસ પાસેથી કોઈ ને કોઈ પ્રેરણા શ્રી હર્ષે પણ લીધી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો શ્રીહર્ષને નિષ્ઠીય ચરિત્રમાં ચંદ્રોદય, સૂર્યોદય, સૂર્યાસ્તના પ્રકૃતિવર્ણનોમાં તેમ જ

દમયંતીના અપ્રતિમ સૌંદર્ય વર્ણન કરવામાં શ્રા દ્રશ્ય દેખાય આવે છે કાલિદાસ દ્વારા રજૂઆમાં આવેલ મેઘદૂતમાંથી વિરહવેદનાનો આધાર લઇ કવિશ્રીએ હર્ષ નૈષધીચરિતમાં પણ દમયંતિની પ્રણય પીડા અને નળ વિરુદ્ધ સ્થાનને પણ જ્યારે વર્ણવે છે, ત્યારે ખૂબ જ સુંદર પ્રકૃતિના તત્વો સાથે તેની ઉપમા આપે છે. અથવા તો પ્રેક્ષા અતિશયોક્તિ જેવા અલંકારનો ઉપયોગ કરીને પ્રકૃતિના તત્વો સાથે મળી વિરોધ વ્યવસ્થા અને દમયંતિની પ્રણય પીડાનું વર્ણન કરે છે.

સંદર્ભ સૂચી :

१ .नैर्षधिय नारायणी टीका का विवेचनात्मक अध्ययन रेखा शर्मा ईस्टर्न बुक लिकस दिल्ली।

२. नैषधीयचरितम् ( नारायण मलिकनाथ, विद्याधर जीनराजनी टीकायुक्त ) संपादक म. म. पंडित शिवदत्त (निर्णय सागर प्रेस)।

३. નૈષધીચરિત સર્ગ-૧ સંસ્કૃત પેપર -૨, ક્રિએટિવ પ્રકાશન રામકૃષ્ણ આશ્રમ, યાજ્ઞિક રોડ, રાજકોટ.